ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭ ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/કવા-૦૪/૧૮-૧૯/ 3080-1 તા. 01-05-19

રજી. એડી પત્ર

પ્રતિ,

ધીરજલાલ બાબુલાલ ગણાત્રા,

* -રત્નાકર- * ૨- બોમ્બે હાઉસિંગ સોસાયટી

યુનિવર્સિટી રોડ ધોળકિયા સ્કૂલ ની સામે

રાજકોટ 5

**વિષય :-ઉજાલા બલ્બ ની રકમ વારંવાર ચડત આવવા બાબત**

**સંદર્ભ:- આપની અરજી , તા. (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૮/કવા-૦૪/૧૮-૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/કવા–૦૪/૧૮–૧૯/** 3080 - 1 તા. 1-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૧૮/કવા–૦૪/૧૮–૧૯**

**અરજદાર:** ધીરજલાલ બાબુલાલ ગણાત્રા ગામ: રાજકોટ

**રજૂઆત કરનાર:** અરજદાર ધીરજલાલ બાબુલાલ ગણાત્રા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

**રજૂઆત કરનાર:** (૧) એસ.જી.સોજીત્રા – નાયબ ઈજનેર (ટેક) – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૨) બી.આર.બાટવીયા – ડી.વાય.એસ.એ.– કાલાવડ રોડ, પેટા વિભાગીય કચેરી – રાજકોટ

## :: કોરમ ::

(૧) કા.વા. ચેરપર્સન – શ્રી જે.બી.પારેખ
(૨) મેમ્બર સ્વતંત્ર – કોકિલાબેન જે. મોટાણી

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી – રાજકોટ

**તારીખ:** ૧૬–૦૪–૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ધીરજલાલ બાબુલાલ ગણાત્રા , ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૧૮/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. – ૩૯૯૦૯ / ૦૫૧૦૫ / ૨ થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. તેઓએ એલઈડી બલ્બ લીધેલ ન હોવા છતા – વીજબીલ માં એલઈડી બલ્બ પેટે રૂ.૧૪૦/– વસુલવામા આવેલ છે.

૨.૧ અરજદાર ના વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૮ માં અને વીજબીલ માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૮ માં – રૂ.૧૪૦/– ઉધારવામા આવેલ છે, જે તેઓએ ભરપાઈ કરેલ હોય – જે તેઓને રીફંડ મળવા બાબતે – તેમજ તેઓને કરાયેલ માનસીક ત્રાસ ના વળતર માટે – તેમજ બલ્બ લીધેલ હોવા છતા – શા કારણોસર વીજબીલ મા રકમ ની વસુલવામા આવી રહી છે, જે અંગે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,** અત્રેની કચેરી નીચે આવતા કાલાવડ રોડ સબ ડીવીઝનના ગ્રાહક નંબર:૩૯૯૦૯૦૫૧૦૫૨ ધીરજલાલ બાબુલાલ ગણાત્રા

રહેણાકના હેતુના વીજ કનેક્શન માં ઉજાલા બલ્બની રકમ વારંવાર ચડત આવવા બાબત ફરિયાદ કરેલ છે. જે અનુસંધાને કાલાવડ રોડ સબ ડીવીઝનના પત્ર - KRSD/REV/321 DT.21.01.19 થી જણાવેલ કે ઉજાલા બલ્બ ની રકમ ચડત થયેલ છે તેની રીફંડ ની પ્રક્રિયા કાલાવડ રોડ સબડીવીઝન દ્વારા તેઓશ્રીની "ઉજાલા રીફંડ પ્રોસેસ" માં કરી નાખવામાં આવેલ છે જે પ્રક્રિયા નો સ્કીન શોટ રજુ કરેલ છે અને પ્રક્રિયા ઇઇસીએલ હેઠળ હાલ પેન્ડીંગ દર્શાવી રહ્યું છે જે પ્રક્રિયા પૂર્ણ થયે ગ્રાહક શ્રી ના ખાતા માં રકમ જમા મળી રહેશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા ઉજાલા બલ્બ, ટ્યુબલાઈટ કે પંખો ખરીદેલ હોય – તેવા કોઈપણ પુરાવા પીજીવીસીએલ દ્વારા ઉપલબ્ધ કરાયેલ નથી. તદઉપરાંત, અરજદાર ની અગાઉ ની રજુઆત તા.૨૨–૦૯–૧૭ તથા તા.૧૭–૧૧–૧૭ ની અરજીના અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૭ તા.૧૫–૧૧–૧૭ માં રૂ.૧૪૦ + રૂ.૧૪૦ એમ કુલ રૂ.૨૮૦/– જમા અપાયેલ છે. જે બાબત ની જાણકારી અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ મારફત પત્ર નં. ડીઈ/આરએસડી/રેવ/૪૬૫૭ થી કરાયેલ છે.

૪.૨ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૧ ના અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા ફરીથી વીજબીલ માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૮ , માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૮ અને માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૮ ના વીજબીલ માં રૂ.૧૪૦ લેખે અને બીલીંગ માસ માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૯માં રૂ.૨૧૦/– ઉજાલા એલઈડી બલ્બ / ટ્યુબલાઈટ ના હપ્તા પેટે ઉઘરાવેલ છે, જે નિયમ ને સુસંગત નથી. આ સંજોગોમાં અરજદાર પાસેથી એલઈડી બલ્બ / ટ્યુબલાઈટ પેટે વીજબીલ મા હપ્તા વસુલ કરાયેલ હોય, જે પીજીવીસીએલ દ્વારા સંપૂર્ણ રકમ દિવસ–૩૦ મા – અરજદાર તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પરત કરવા સુચના આપવામા આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી. પારેખ)
ચેરપર્સન

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯